# આધુનિક પધ્ધતિની ખેતીમાં બળદ અદ્રશ્ય થયા, ટ્રેક્ટરની બોલબાલા

## નવી તકનીકીઓ થકીની ખેતીમાં વધારે ઉપજ મેળવવાના પ્રયાસોએ પોષક તત્વોને નામશેષ કર્યા

ગાંધીનગર, તા. ૨૩

ખેતી પ્રધાન દેશ ભારતમાં પણ હવે ખેતી આધુનિકતાને આધારે થઈ રહી છે. ખેતરોમાં બળદોનું સ્થાન ટ્રેક્ટરોએ લઈ લીધુ છે. અને આ ટ્રેક્ટરને અનેક વિવિધ જાતના આધુનિક ખેતી ઓજારો જોડીને ખેતીને રહ્યા છે. ખેડૂત વર્ગને બળદ હવે ધીમીગતિના તેમજ થાક લાગે ત્યારે ઉભા રહે તે પોષાતુ નથી. વધુમાં બળદનો ખોરાક ગવાર, પૂળા, ખોણ મળવા કઠીન બન્યા છે અને વાવેતર કર્યુ હોય કે નહી બળદને ખોરાક પાણી અવશ્ય કરવા પડે, બળદ સાથે રાંપડુ, પૈઈણી તથા



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

પણ ઝડપી બનાવી દીધી છે. જો કે નવી તકનીકીઓ થકી ઉત્પાદિત થતી ખેતપેદાશોમાં મીઠાશનો અભાવ વર્તાય છે. જ્યારે બળદો જોડી આકરી મહેનત થકી પેદા થતી ખેત ઉપજો પોષક તત્વોથી ભરપૂર રહીને શરીરને નિરોગી રાખવામાં ઉપયોગી બનતી હતી. છતાં પણ વધારે ઉપજ અને ઝડપી કામગીરી માટે ટ્રેક્ટર જ હાલ સર્વશ્રેષ્ઠ બન્યું છે. જેથી બળદો આગામી સમયમાં અદ્રશ્ય જ થઈ જશે તેવું સંજોગો આધિન લાગી રહ્યું છે.

અદ્યતન ટેકનોલોજીના સહારે ઘરે બેસીને ખેતી થઈ શકે તેવાં સંજોગો નિર્માણ થયા છે ત્યારે પરંપરા અને ખેતીમાં સૌ પ્રથમ ઉપયોગી એવા બળદ હવે ખેતી માટે મોંઘા અને ધીમીગતિના થઈ ગયા છે. જુના જમાનામાં બળદો થકી થતી ખેતીમાં અન્ય વિકલ્પનો અવકાશ નહોતો જેથી બળદો અનિવાર્ય બન્યા હતા. જેથી ખેતરોમાં બળદો જોઈને મન પ્રફુલિત બની જતુ હતુ. જો કે અદ્યતન ટેકનોલોજીમાં ટ્રેક્ટરો એ પોતાનું સ્થાન પાકુ કરી લેતા હાલ ખેતરો બળદો વગરના ભાસી હળ જ જોડી શકાય છે, બિમાર પડે ત્યારે દવા કરવી પડે, દિનચર્યામાં પાણી-ખોરાકનું ધ્યાન રાખવુ પડે, શિયાળો, ઉનાળો અને ચોમાસામાં રક્ષણ માટે અલાયદી વ્યવસ્થા કરવી પડે આમ બળદની કિંમત સસ્તી પરંતુ સમયની માંગ મુજબ વળતર ઓછુ મળતુ હોવાના ગણિત મંડાયા છે.

તો સામે ટ્રેક્ટરની કિંમત ઉંચી પરંતુ વળતર પણ વધારે છે. તેમજ ટ્રેક્ટરની કામગીરી ઝડપી, ખેડાણ કલાકોમાં થઈ શકે, થ્રેસર તથા અન્ય અદ્યતન ખેતી ઓજારો જોડી શકાય, ત્રણેય સિઝનમાં ખેતી કરી શકે, ખુલ્લામાં પડ્યું રહે, જોખમ ઓછુ તેમજ ડાંગરનો ગાવો કરવો હોય ત્યારે ફક્ત ટ્રેક્ટર જ કરી શકે છે. સરકાર તરફથી ટ્રેક્ટર વસાવવા ઓછા વ્યાજની લોન સબસીડી સાથે મળી શકે છે. આમ ફાયદાકારક વધુ હોવાથી ખેડૂતો બળદને બદલે ટ્રેક્ટરને મહત્વ આપી રહ્યા છે. પરંતુ ખેત પેદાશોની જૈવિકતાને ધ્યાને રાખતા બળદો જ સર્વશ્રેષ્ઠ ઉત્પાદનમાં મીઠાશ રાખી શકાત હોવાનું પણ ખેડૂતો સ્વીકારી રહ્યા છે.

# જીવન વીમા નિગમના કર્મચારીઓએ બે કલાકની હડતાલ પાડી

ગાંધીનગર, તા. ૨૩

જીવનવિમા નિગમના કર્મચારીઓએ પોતાના લાંબા સમયના પડતર પ્રશ્નોને લઈને આજે બે કલાકની હડતાલ પાડી હતી, ત્યાર બાદ પુનઃ કામકાજ સંભાળી લીધુ હતુ.

જીવનવીમા નિગમના કર્મચારીઓ છેલ્લા કેટલાક સમયથી પડી રહેલા પ્રશ્નોને લઈને અવાર-નવાર હડતાલ પાડી રહ્યા છે. પરંતુ નિવેડો આવતો નથી. ત્યારે આજે સોમવારે નિગમના કર્મચારીઓએ ૧૧.૪૫ થી ૧૩.૪૫ દરમિયાન હડતાલ પર ઉતર્યા હતા. કર્મચારીઓએ પગાર સુધારણા, પેન્શન, મેનેજમેન્ટની વર્તણુંક સહિતના પ્રશ્નોને લઈને દેશભરના કર્મચારીઓ હડતાલ પર ઉતર્યા હતા. ગાંધીનગરની જીવન વીમા નિગમની કચેરી ખાતે પમ કર્મચારીઓએ સામુહિક સૂત્રોચ્ચાર કર્યા હતા. ત્યાર બાદ પુનઃ કામ કાજ ચાલુ કરી દીધુ હતું.



## 'યુથ વેવ્સ' દ્વારા બોરીજ ગામની શાળામાં માસ્કનું વિતરણ કરાયું

"યુથ વેવ્સ" સંસ્થાના યુવાનો દ્વારા 'સ્વાઈન ફ્લુ'ના રોગચાળા સામે રક્ષણ મેળવવા બોરીજ ગામની શાળાના બાળકોને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્યશ્રી કાશ્મીરાબેન અને સ્ટાફની સાથે આ યુવાનોએ આ બીમારીથી કેવી રીતે દૂર રહી શકાય તે વિશેની સમજણ આપી હતી.

(તસવીર : કશ્યપ નીમાવત)

### ગાંધીનગરમાં વાહનચાલકોની હવે ખેર નથી

# ટ્રાફિક નિયમો તોડનારના ઘરે જ પોસ્ટથી પાવતી પહોંચી જશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં ગંભીર બની રહેલી ટ્રાફિકની સમસ્યા તથા વાહન ચોરી જેવા બનાવો સામે પગલા ભરવા પોલીસ મારફતે સીટી ટ્રાફિક સર્વેલન્સ એન્ડ ઈન્ટેલીજન્ટ ટ્રાફિક સીસ્ટમ વિકસાવવામાં આવી છે. જેથી શહેરના માર્ગો પર ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર વાહનોની નંબર પ્લેટ કેમેરા દ્વારા ઓળખી લઈ દંડની પાવતી સીધી જ વાહનચાલકના ઘરે મોકલી દેવામાં આવશે. આ સિસ્ટમ બુધવારથી શહેરમાં શરૂ કરી દેવામાં આવશે.

ગાંધીનગર શહેરના માર્ગો પર ટ્રાફિક પોલીસની હાજરી તેમજ ટ્રાફિક સિગ્નલો કાર્યરત હોવા છતાં વાહન ચાલકો ટ્રાફિકના નિયમો પાળવા માટે તૈયાર નથી. પરિણામે વાહનચાલકો બેફામ ગતિએ વાહન હંકારી પોતાની અને અન્ય નાગરિકોની જીદંગી જોખમમાં મુકી દે છે. જ્યારે કેટલીક વખત પોલીસ આવા વાહનચાલકોને અટકાવીને દંડનીય કાર્યવાહી કરવાનો પ્રયાસ કરે છે, પરંતુ મંત્રી કે પોલીસના સગાની ઓળખાણો બતાવતા પોલીસે તેને છોડી મુકવા પડે છે. પરંતુ હવે પોલીસની સીટી ટ્રાફિક સર્વેલન્સ એન્ડ ઈન્ટેલીજન્ટ સીસ્ટમ કોઈને છોડશે નહી. અને જે કાયદામાં રહેશે તે જ ફાયદામાં રહેશે. ગાંધીનગર પોલીસ દ્વારા આ સીસ્ટમ અંતર્ગત ગાંધીનગર શહેરના જુદા જુદા સર્કલો તથા માર્ગો પર ૨૧ જેટલા હાઈ ડેફિનેશન ૩૬૦ ડિગ્રી રોટેશનવાળા સી.સી.ટી.વી. કેમેરા લગાવાયા છે. દરેક કેમેરાનું સીધુ જોડાણ ડી.એસ.પી. કચેરી ખાતે બનાવવામાં આવેલા સર્વેલન્સ રૂમ સાથે આપવામાં આવ્યુ છે. જ્યાં પોલીસ જવાનો દરેક કેમેરા પર ચાંપતી નજર રાખીને હેલ્મેટ વગર, સીટબેલ્ટ વગર, ખોટી સાઈડમાં દોડતા વાહન તથા અન્ય રીતે ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહન પર ક્લીક કરીને ફોટો પાડી લેશે. વાહનના નંબરના આધારે આર.ટી.ઓ. સર્વરમાંથી સેકન્ડોના સમયમાં વાહન ચાલકનું નામ સરનામા સહિતની વિગતો સ્ક્રીન પર આવી જશે જેના આધારે દંડની પાવતી પોસ્ટ દ્વારા સીધી જ વાહન માલિકના ઘરે પહોંચી જશે. જેથી વાહન ચાલકોએ બચવુ પડશે.

# ચિલોડા-નરોડા માર્ગ પાસે વન વિભાગની બેદરકારીથી ચાર વીજ થાંભલા પડ્યા

## બે દુકાન અને કારને નુકસાન : પોલીસ, વન વિભાગ અને જીઈબી તંત્ર મામલો એકબીજા પર ઢોળી રહ્યા છે : ફરિયાદી મુંઝવણમાં



(તસવીર : નટુભાઈ પટેલ)

ગાંધીનગર, તા. ૨૩

ચિલોડા-નરોડા માર્ગ પર સમી સાંજે માર્ગની પાસે વન વિભાગ દ્વારા તોતીંગ ઝાડ કાપતી વખતે પાસેથી પસાર થતી જીઈબીની વાયરોની લાઈન પર ઝાડનું ડાળુ પડ્યું હતું. જેથી એકાએક સિમેન્ટના ચાર થાંભલા ઢળી પડતા બે દુકાનો અને એક મારૂતિ ફ્રન્ટી કારને ભારે નુકશાન થવા પામ્યુ હતુ. ચાલુ વીજ લાઈનના થાંભલા ઢળી પડતા ભારે ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટના સંદર્ભે નુકશાન થનાર કાર અને દુકાનના માલિકે પોલીસ ફરિયાદ નોંધાવવા માટે ગયા હતા પરંતુ પોલીસે આ ફરિયાદ નોંધવાની ના પાડી દીધી હતી અને આ સમગ્ર ઘટનાની ફરિયાદ વન વિભાગમાં કરવી તેમ જણાવ્યું હતું. આથી ફરિયાદીઓ વન વિભાગને જાણ



કરવા ગયા જ્યાં આખો મામલો જીઈબીના માથે ઢોળી દેવામાં આવ્યો હતો. એક ફરિયાદને લઈ સરકારી તંત્રના અધિકારી એક બીજા વિભાગ પર મામલો ઢોળી રહ્યા છે. જેથી ફરીયાદીઓની હાલત કફોડી બની છે. થયેલ નુકશાન અંગે કોને ફરિયાદ કરવી તેની મુંઝવણમાં મુકાઈ ગયા છે અને ન્યાયની માંગ કરી રહ્યા છે.

# સેક્ટર-૨૬ કિસાનનગરમાંથી બોલેરો જીપની ઉઠાંતરી

ગાંધીનગર, તા. ૨૩

શહેરના સેક્ટર-૧૬ કિશાનનગરમાંથી ધોળે દિવસે બોલેરો જીપની કોઈ ચોર ઈસમો ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા હતા. આ સંદર્ભે સે. ૨૧ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના સેક્ટર-૨૬ ખાતે કિશાનનગર આવેલ છે. જ્યાં અરવિંદભાઈ ડાહ્યાભાઈ ચૌધરી પોતાના પરિવાર સાથે રહે છે. ગતરોજ સાંજના સુમારે અરવિંદભાઈ મહેન્દ્રા બોલેરો જીપ નં. જીજે-૧૮-એએચ-૮૮૨૭ લઈ ઘરે આવ્યા હતા અને ઘર આગળ પાર્ક કરી હતી. દરમિયાન કોઈ ચોર ઈસમ આ આખેઆખી બોલેરો જીપની ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા હતા. બીજા દિવસે સવારે અરવિંદભાઈને પાર્ક કરેલી જગ્યાએ જીપ નજરે ન પડતા તેમને તુરંત આસપાસમાં પુછપરછ કરી શોધખોળ હાથ ધરી હતી. જો કે ખાસી શોધખોળ બાદ પણ જીપ ન મળતા સે. ૨૧ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જેના આધારે પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. બી.કે. અસારી કરી રહ્યા છે.

## પીએચ.ડી. થયા

એ.એ. પટેલ કોમર્સ કોલેજમાં ફરજ બજાવતા પ્રો. જીગ્નેશ જે. પટેલે ડૉ. ગૌરવ લોધાના માર્ગદર્શન હેઠળ




કોમ્પ્રીસેન્સીવ ફાઈનાન્સીયલ ઈવેલ્યુએશન ઓફ સિલેકટેડ ઈન્ડિયન બેન્કસ વિષય પર શોધ નિબંધ રજૂ કરી જોધપુર રાષ્ટ્રીય વિશ્વ વિદ્યાલયે માન્ય રાખી પીએચ.ડી. પદવી એનાયત કરી છે.

# ગાંધીનગર ખાતે સ્વાઈન ફ્લુ નાથવા આયુર્વેદ ઉકાળાનું ઠેર ઠેર વિતરણ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના નગરજનોને સ્વાઈન ફ્લુ રોગ સામે રક્ષણ મળી




રહે અને તેમની રોગ-તિકારક શક્તિ વધે તેવા ઉમદા આશયથી આજરોજ ગાંધીનગર જિલ્લા આયુર્વેદ કચેરી અને મધુર ડેરીના સંયુક્ત ઉપક્રમે નગરજનોને આર્યુવેદ ઉકાળો વિના મૂલ્યે આપવામાં આવ્યો હતો. ગાંધીનગરના પાંચ સ્થળોએ યોજાયેલ ઉકાળો આપવાના કાર્યક્રમમાં જિલ્લા -ભારી સચિવ શ્રી એમ.એસ.ડાગુર, જિલ્લા કલેકટર શ્રી રવિશંકર અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાન પણ જોડાયા હતા.

રાજયના પાટનગર ગાંધીનગરના નગરજનોને સ્વાઈન ફ્લુ રોગથી રક્ષણ આપે તેવા આર્યુવેદ ઉકાળો આપવાનો કાર્યક્રમ થોડાક દિવસથી ચાલી રહ્યો છે. આજે ગાંધીનગર જિલ્લા આર્યુવેદ કચેરી અને મધુર ડેરીના સંયુક્ત ઉપક્રમે આર્યુવેદ ઉકાળાનું વિના મૂલ્ય વિતરણ કરવામાં આવ્યું હતું. આજે ગાંધીનગરના એસ.ટી.ડેપો, ઘ-૫ સર્કલ, નવા સચિવાલયના ગેટ નંબર-૧ સામે, જિલ્લા સેવા સદન, મ્યુનિસિપલ કમિશનરશ્રીની કચેરી અને જિલ્લા પોલીસ વડાશ્રીની કચેરી ખાતે ઉકાળાનું વિના મૂલ્ય વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત સ્થળોએ અંદાજે ૮ હજાર જેટલા નગરજનોએ ઉકાળો પીવાનો લાભ લીધો હતો.

ઘ-૫ ખાતે યોજાયેલ ઉકાળો આપવાના કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા -ભારી સચિવ શ્રી એમ.એસ.ડાગુરે જણાવ્યું હતું કે, ઉકાળો પીવામાં વધુમાં વધુ યુવાનો જોડાય તે ખૂબ જરૂરી છે. તેમજ ઉકાળો કેવી રીતે બનાવવામાં આવે છે, તેમાં શું શું નાખવામાં આવે છે, તેની માહિતી આપતા સાહિત્યનું વિતરણ કરવા પણ જણાવ્યું હતું.

જિલ્લા આર્યુવેદ અધિકારી શ્રીમતી ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે, ગાંધીનગરમાં સ્વાઈન ફ્લુના રોગને નાથવા માટે ડાયરેકટર આર્યુવેદ અધિકારીશ્રીની કચેરી દ્વારા ગાંધીનગર જિલ્લાને ૫૦૦ કિલોગ્રામ ઉકાળા બનાવવાનું ઔષધ આપવામાં આવ્યું છે. અત્યાર સુધી તેમાંથી ૨૦૦ કિલોગ્રામ જથ્થો જિલ્લાને મળ્યો છે. બાકીનો ટુંક સમયમાં મળી જાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. તે ઉપરાંત આવતીકાલથી ઉકાળાના વિતરણ સ્થળેથી શરદીના રોગ સામે રક્ષણ આપે તેવી આર્યુવેદ દવાનું પણ વિતરણ શરૂ કરવાનું સુચારું



આયોજન કરવામાં આવનાર છે.

આવતીકાલ ગાંધીનગર ખાતે એસ.ટી.ડેપો, જિલ્લા સેવા સદન, મ્યુનિસિપલ કમિશનરશ્રીની કચેરી, ઘ-૫ સર્કલ, નવા સચિવાલયના ગેટ નંબર-૧ અને બ્લોક નંબર- ૧૪ની સામેના ગેટ પરથી ઉકાળાનું વિના મૂલ્ય વિતરણ કરવામાંઆવનાર છે. આ ઉકાળા પીવાનો લાભ લેવા પણ નગરજનોને તેઓશ્રીએ અપીલ કરી છે. ઉકાળો આપવાના કાર્યક્રમમાં મ્યુનિસિપલ કમિશનર શ્રી જી.આર.ચૌધરી, મધુર ડેરીના ચેરમેન શ્રી શંકરસિંહ રાણા, નિવાસી અધિક કલેકટર શ્રી એમ.ડી.મોડિયા સહિત અનેક મહાનુભાવો જોડાયા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૭
સૂર્યાસ્ત : ૬.૪૧

## તાપમાન

મહત્તમ : ૩૭.૩ ડિ.સે.
લઘુત્તમ : ૧૬.૭ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૦ ટકા ● સાંજે ૨૨ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

બદલાપુર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :

રોય : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :

બદલાપુર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

બદલાપુર : ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦

રોય : ૧૦.૦૦

સ્ક્રીન-૪ :

રોય : ૧૦.૦૦

ષમિતાભ : ૧.૦૦, ૧૦.૦૦

બેબી : ૩.૪૫

સનડામારુથમ (તમિલ) : ૭.૦૦

સ્ક્રીન-૫ :

બદલાપુર : ૧૦.૦૦

રોય : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫

બેબી : ૯.૪૫

## આપની આજ

**મેષ** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**કર્ક** : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**વૃશ્ચિક** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**કુંભ** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. નાથીબેન મોમણભાઈ ભરવાડ (ઉ.વ.૯૬) મું. રાધેજા, તા.જી. ગાંધીનગર
- સ્વ. રામચંદ્ર રોહતાસમલ શર્મા (ઉ.વ.૭૮) પ્લોટ નં. ૧૬૯/૨, સેક્ટર-૧બી, ગાંધીનગર